[Q - 1]. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

(1) નંદુ ફક્ત ત્રણ મહિનાનો જ છે, પરંતુ તેનું વજન 200 કિગ્રા છે. તમારું વજન કેટલું છે?

➢ મારૂ વજન 25 કિલોગ્રામ છે

(2) તમે શોધો કે તમારા જેવા કેટલા બાળકોનું વજન ભેગું કરીએ તો નંદુના વજન જેટલું થશે?

➢ મારા જેવા આઠ બાળકોનું વજન ભેગું કરીએ તો નંદુના વજન જેટલું થશે.

[Q - 2]. નીચેના પ્રશ્નોના વિચારીને ઉત્તર આપો.

(1) જો તમે નંદુ હો, અને તમે ટોળા માં રહેતા હો તો તમે શું કરશો?

➢ જો અહી નંદુ હોવ અને ટોળા માં રહેતો હોય, તો મારી માતા અને ભાઈ બહેનો સાથે સવારે જંગલમાં જાઉં. ત્યાં ઝાડ ના પાન અને કુમળી ડાળીઓ ખાઉ. ત્યાં બીજા ટોળાના મારા મિત્રો સાથે થોડી મસ્તી કરું. પછી પાસેની નદીમાં જઈ પાણીના ફૂવારા ઉડાડું. બીજાઓને પાણી ઉડાડીને નવડાવું. પૂંછડું પકડી થોડી મસ્તી કરું. આખો દિવસ આ રીતે મજા કરી સાંજે બધા સાથે રહેઠાણ તરફ જવા નીકળુ. રસ્તામાં આવતા કુમળા છોડ ઉખેડી કે ઝાડની ડાળી તોડી તેના પાન ખાઇ જાઉં. રહેઠાણ પહોંચતાં માતા સાથે ગોઠવાઈ જાઉં અને દૂધ પીતા પીતા સુઈ જાવ.

(2) હાથી ના ટોળા માં સૌથી ઘરડી હાથણી બધું નક્કી કરે છે. તમારા કુટુંબમાં નિર્ણયો કોણ લે છે**?**

➢ મારા કુટુંબમાં મોટાભાગના નિર્ણયો ઘરના વડીલો ભેગા મળીને ચર્ચા કર્યા બાદ લે છે.

(3) નંદુ તેને ગમતું કરે છે. જો તમે આખો દિવસ તમારા મિત્ર સાથે વિતાવો તો તમે શું કરશો?

➢ જો હું આખો દિવસ મારા મિત્રો સાથે વિતાવું તો અમે નાચીશું, ગાઈશું અને અમારા ખેતરમાં જઈને આબલી-પીપળીની રમત રમીશું, તોફાન મસ્તી કરીશું, બધા સાથે બજારમાં જઈને પાણીપૂરી ખાઈશું, નાસ્તા કરીશું, આઇસ્ક્રીમ ખાઈશું અને ખૂબ જ મજા કરીશું.

(4) બીજા કયા પ્રાણીઓ ટોળામાં રહે છે? શોધી કાઢો અને લખો?

- વાંદરા, હરણ, જીબ્રા, જંગલી ભેંસો, જંગલી કૂતરાઓ, વરુ, સમડી,રીંછ, જંગલી ગધેડા, કીડીઓ, માછલીઓ,તીડ, પેન્ગ્વિન વગેરે પ્રાણીઓ ટોળામાં રહે છે.

(5) શું તમે પણ જૂથમાં રહો છો? શું તમને બધાની સાથે જૂથમાં રહેવું પસંદ છે? તમને કેમ જૂથમાં રહેવું પસંદ અથવા નાપસંદ છે? તેના કારણો નીચે લખો.

- હા હું જૂથમાં રહું છું મારા મતે જૂથમાં રહેવાના ફાયદા અને નુકસાન નીચે મુજબ છે.

  - જુથ કેમ પસંદ છે.
  -જૂથમાં રહેવાથી સુરક્ષા મળે છે.
  - જૂથમાં રહેવાથી એકબીજાની હૂંફ મળે છે.
  - જૂથમાં રહેવાથી સમૂહ ભાવનાનો વિકાસ થાય છે.
  - જૂથમાં રહેવાથી આપણી એકબીજાને મદદરૂપ થવાનું શીખીએ છીએ.
  - બાળકોને દાદા-દાદીનો પ્રેમ મળે છે.
  - જુથ કેમ નાપસંદ છે.
  - જૂથમાં રહેવાથી અંદરો અંદર ઝઘડા થવાની સંભાવના વધુ રહે છે.
  - ગ્રુપમાં રહેવાથી વ્યર્થ વાતો કરવામાં સમય ની બરબાદી થાય છે.
  - કામ કરનાર વ્યક્તિના કામનું ભારણ વધે છે.
  - સ્વતંત્રપણે જીવી શકાતું નથી.
  - ઘરમાં સંકડાશ નો અનુભવ થાય છે છૂટથી રહી શકાતું નથી.

(6) તમે બીજાં કયા પ્રાણીની સવારી કરી છે? તેમના નામ આપો.

- ઘોડો, હાથી, ઊંટ, ભેંસ.

(7) જો તમને હાથી પર બેસાડવામાં આવે તો તમને કેવું લાગે?

- મને જો હાથી પર બેસાડવામાં આવે તો મને ખૂબ જ આનંદ થાય. અને મજા આવે. જાણે હું રાજા-મહારાજા હોઉં તેવો ભાવ મનમાં જાગે.

(8) તમે તમારી આસપાસ ઘણા બધા પ્રાણીઓ જોયા જ હશે. પુસ્તકોમાં ટેલીવિઝનમાં એકલા કે જૂથમાં જોયા હશે. તેમાના કોઈ એક પ્રાણી વિશે લખો.

- પુસ્તકો, ટેલીવિઝન તેમજ પ્રણિસંગ્રહાલયમાં વાઘ, સિંહ, હાથી, હરણ, જંગલી ભેંસો, જિરાફ, ઝીબ્રા, વગેરે પ્રાણીઓ જોયા છે. તેમાંથી જિરાફ મને ગમે છે.

જિરાફ વિશે માહિતી નીચે મુજબ છે.

- જિરાફ દુનિયાનું સૌથી ઊંચું જમીન પર રહેતું પ્રાણી છે.

- તે આફ્રિકાના જંગલોમાં જોવા મળતું પ્રાણી છે.

- નર જિરાફની ઊંચાઇ 5 થી 6 મીટર જેટલી અને માદા જિરાફ ની ઊંચાઇ 4.5 મીટર જેટલી હોય છે.

- તેની ઊંચાઇ વધુ હોવાથી તે ઊંચા વૃક્ષોના પર્ણો અને ડાળીઓ ખાઈ શકે છે.

- તેના પગ અને ડોક ખૂબ ઊંચી હોય છે. માથુ પ્રમાણમાં નાનું હોય છે.

- તે ખૂબ જ ઝડપથી દોડી શકે છે. તેની ઝડપ કલાકના ૫૦ કિ.મી થી પણ વધુ હોય છે.

- તેના શરીર પર કથ્થાઈ રંગના મોટા ટપકાની ભાત જોવા મળે છે તેને લીધે તે સુંદર દેખાય છે.

- તે દિવસમાં ૩૦ મિનીટ જેટલું ઊંઘે છે. તે મોટાભાગના કાર્યો ઊભા રહીને કરે છે. તે બચ્ચાને જન્મ પણ ઉભા રહીએ આપે છે.